# શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી યુવક મંડળ - મુંબઈ

## વિશેષ સાધારણ સભાનો અહેવાલ

ઉપરોક્ત મંડળની વિશેષ સાધારણ સભા તા. ૧૭-૪-૨૦૨૨ રવિવારના રોજ યુવક મંડળની ઓફિસ ગજ્ઞનાથ સોસાયટી દાદર (વેસ્ટ) ૪૦૦ ૦૨૮ મધ્યે બપોરે ૨.૦૦ કલાકે મળેલ હતી. જેને કોરમના અભાવે અડધો કલાક મુલત્વી રાખેલ હતી. ત્યારબાદ તેજ સ્થળે ૨.૩૦ કલાકે એજન્ડા મુજબના કામકાજ માટે મળેલ હતી.

સૌ પ્રથમ યુવક મંડળનાં મહામંત્રી શ્રી હરેશ અમુલખરાય મહેતાએ નવકાર મંત્રનું સ્મરણ કરાવેલ હતું.

આ સભામાં યુવક મંડળના પ્રમુખ જયેશભાઈ કનકભાઈ વખારીયાએ બંધારણ સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ જેવતલાલ શાહ ને પ્રમુખસ્થાન આપ્યું હતું.

બંધારણ સમિતિએ બંધારણમાં જે સુચનો કરેલ હતા તેની ચર્ચા-વિચારણા વિશેષ સાધારણ સભામાં કરેલ અને બંધારણ સુધારા સર્વસંમતિ સાથે મંજુર કરવામાં આવેલ. જે બંધારણ સુધારા સાથેનું બંધારણ નીચે મુજબ છે અને તે આજરોજથી અમલમાં આવે છે.

### બંધારણ

| | | | |
|---|---|---|---|
| નામ | : | | આ મંડળનું નામ ''શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી યુવક મંડળ'' રહેશે, જે ટૂંકમાં ''યુવક મંડળ''ના નામે ઓળખાશે. |
| ઑફિસ | : | | મંડળનું કાર્યક્ષેત્ર હાલ 'શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી સમાજ' પૂરતું રહેશે. |
| કાર્યક્ષેત્ર | : | | આ મંડળની ઑફિસ મુંબઈ ખાતે રહેશે. |
| ઉદ્દેશો | : | ૧. | મુંબઈમાં વસતા 'શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી સમાજ'ના યુવાન ભાઈઓનું સંગઠન સાધવું સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે યુવાનોએ જ્ઞાતિ, સમાજ અને દેશ પ્રત્યે જે ફરજ અને સેવા અદા કરવાની છે એ ઉચ્ચ આદર્શને ધ્યાનમાં રાખી આપણા સામુદાયિક જીવનમાં નામપરિવર્તન માટે યોગ્ય પ્રવૃત્તિઓ યોજવી. |
| | | ૨. | 'શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી જૈન સમાજ'ની (મુંબઈ)ની દરેક પ્રવૃત્તિમાં શક્ય તેટલો સહકાર આપવા અને એ મંડળનાં સભ્યો વચ્ચે ભાતૃભાવ વધારવાના તેમના કાર્યમાં મદદરૂપ થવું તથા તેમના ઉદ્દેશ અને ઉત્કર્ષ સાધવાની પ્રવૃત્તિમાં અનુરૂપ થવું. |
| પ્રવૃત્તિઓ | : | ૧. | આપણા સમાજના માટે યુવાન ભાઈઓના સંગઠન માટે તથા આપણા સામુદાયિક જીવનમાં નવપરિવર્તન માટે સંસ્કારિક, આધ્યાત્મિક, આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવી તથા મનોરંજન અને શિક્ષાત્મક કાર્યક્રમ યોજવા. |
| | | ૨. | જ્ઞાતિ કેળવણીના કાર્યને ઉત્તેજન આપવું તથા તે અંગે યોગ્ય ભંડોળ ઊભું કરી જ્ઞાતિબંધોને નિયમિત લાભ મળે એવી વ્યવસ્થા કરવી. |

૩. મુંબઈમાં વસતા આપણા જ્ઞાતિભાઈઓની જરૂરિયાતોની યથાયોગ્ય માહિતીઓ ભેગી કરવી તથા જ્ઞાતિ ઉત્કર્ષ માટે રસ જળવાઈ રહે એ હેતુથી જ્ઞાતિજનોના અરસપરસના મિલનના પ્રસંગો, સ્નેહ મિલનો, સમૂહભોજન, પર્યટન, મનોરંજન કાર્યક્રમો, સિનેમા શો, તીર્થયાત્રા પ્રવાસ વગેરે સંજોગો અનુસાર શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી મંડળના સહકારથી યોજવા.

૪. મુંબઈમાં વસતા શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી જૈન સમાજ જ્ઞાતિબંધુઓને શુભાશુભ પ્રસંગે જરૂરિયાત મુજબ યોગ્ય સેવાઓ આપવી.

૫. મુંબઈમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓને માંદગી પ્રસંગે મદદરૂપ થવું. 'સ્વયંસેવક' મંડળ તૈયાર કરવું તથા મંડળે વસાવેલાં પ્રાથમિક તબીબી સાધનો પૂરા પાડવા.

૬. આપણા મંડળની પ્રવૃત્તિઓમાં 'શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી જૈન સમાજ (મુંબઈ)'ના સહકારથી ચલાવવી.

સભાપદ : ૧. મુંબઈમાં વસતા 'શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી જૈન સમાજ'ના ૧૮થી ૫૦ વર્ષ સુધીની કોઈ પણ વ્યક્તિ મંડળે નક્કી કરેલ ફોર્મ તથા લવાજમ ભરી આ મંડળના સભ્ય બની શકશે.

૨. ઉપરોક્ત સમાજની ૫૦ વર્ષ ઉંમરની કોઈ પણ વ્યક્તિ સમાજના બંધારણને અનુસરીને સમાજે નક્કી કરેલ ફોર્મ તથા લવાજમ ભરી મંડળના સહકારી સભ્ય થઈ શકશે. તેને સભ્ય તરીકેના બધા નક્કી હક્કો રહેશે, પણ તેઓ મંડળની કારોબારીમાં ચૂંટાયેલા સભ્ય તરીકે આવી શકશે નહીં.

૩. આ ઉપરાંત મંડળના આજીવન તથા પેટ્રન સભ્ય પણ બનાવી શકાશે. આ બાબત જરૂરિયાત મુજબ મંડળની કાર્યવાહી સમિતિ નક્કી કરશે. મુંબઈમાં વસતા શ્રી મચ્છુકાંઠા જૈન વિશાશ્રીમાળી જૈન સમાજની કોઈ પણ વ્યક્તિ આજીવન સભ્ય બનવાનું નક્કી કરવામાં આવેલ છે, તેઓ મંડળને રૂા. ૨૫૧/- આપીને આ મંડળના સભ્ય થઈ શકશે.

સભ્યપદ માટે આવેલ પત્રકો મંત્રીઓ, કાર્યવાહી સમિતિની મંજૂરી માટે કાર્યવાહી સમિતિમાં રજૂ કરશે. યોગ્ય વિચારણા કર્યા બાદ કાર્યવાહી સમિતિ કોઈ પણ નવા સભ્ય કે સહકારી સભ્યનું ફોર્મ નામંજૂરી કરી શકશે અને તે માટે કોઈપણ કારણ આપવાની જરૂર રહેશે નહીં, પણ સભ્યે લવાજમ તેમને પાછું આપવાનું રહેશે. એ જ રીતે મંડળના હિતમાં યોગ્ય વિચારણા કર્યા બાદ કાર્યવાહી સમિતિ કોઈ ચાલુ સભ્ય કે સહકારી સભ્યપદ રદ કરવાનો ઠરાવ જનરલ સભામાં મૂકી શકશે અને જનરલ સભાની મંજૂરી મેળવ્યા બાદ ચાલુ સભ્યનું કે સહકારી સભ્યનું

સભ્યપદ રદ કરી શકશે.

૪. યુવક મંડળના માનનીય પેટ્રન સભ્યની વરણી યુવક મંડળનું ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતી કરશે. આ માટેની ફી રૂા. ૧,૦૦૧/- આપવાની રહેશે.

૫. યુવક મંડળના માનનીય પેટ્રન સભ્ય બનાવવા માટે તે સભ્યની ઉંમર ૬૦ વર્ષ ઉપર હોવી જરૂરી છે.

૬. યુવક મંડળના સર્વે તત્કાલીન પ્રમુખને યુવક મંડળના માનદ્ પેટ્રન તરીકે જાહેર કરવાના રહેશે જેની માટે ઉમર કે ફીનો કોઈ બાદ રહેશે નહીં.

૭. યુવક મંડળની આજીવન સભ્ય ફી (૫૦ વર્ષ) રૂા. ૨૫૧/- રહેશે.

વર્ષઃ મંડળનું વર્ષ ૧લી એપ્રીલથી ૩૧ માર્ચ સુધીનું રહેશે.

ટ્રસ્ટી બોર્ડ : ૧. આ સંસ્થાના નાણાં કોઈ રજિસ્ટર થયેલી બેંકમાં મુકવામાં આવશે. મંડળની સામાન્ય સભામાં ચૂંટાયેલ ટ્રસ્ટીઓ નાણાનો વહીવટ સંભાળશે. આ નાણાં ટ્રસ્ટી બોર્ડના કોઈ પણ બે સભ્યોની સહીથી ઉપાડી શકાશે. ટ્રસ્ટીબોર્ડ પાંચ સભ્યોનું રહેશે; જેમની ચૂંટણી દર ચાર વર્ષે વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવશે. ટ્રસ્ટીબોર્ડના સભ્યો કાર્યવાહી સમિતિના ચૂંટાયેલા સભ્યો ગણાશે અને તેઓ બે વર્ષને બદલે ચાર વર્ષ સુધી કાર્યવાહી સમિતિમાં ચૂંટાયેલા સભ્યો તરીકે ચાલુ રહેશે. ટ્રસ્ટીઓના સભ્યોએ મેનેજિંગ ટ્રસ્ટી નીમવાના રહેશે. મંડળના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓને અમલમાં મૂકવા માટે મંડળની કાર્યવાહી સમિતિ સંજોગો અનુસાર યોગ્ય રીતે નાણાભંડોળ ઊભું કરવાની વ્યવસ્થા કરશે.

વ્યવસ્થા ૧. બધા વર્ગના સભ્યોની વિધિસરની બોલાવવામાં આવેલી સામાન્ય સભા નીચે દર્શાવેલા પેટા કાનૂનોને અનુસરીને મંડળના કાર્ય તથા નીતિ ઉપર દેખરેખ રાખશે. આવી સભાવ્યવસ્થા કરવા માટે એક સમિતિ ચૂંટશે જે કાર્યવાહી સમિતિ કહેવાશે.

કાર્યવાહી સમિતિઃ કાર્યવાહી સમિતિ કુલ ૧૮ સભ્યો (તેર કાર્યવાહી સમિતિ માટે ચૂંટાયેલા તેમજ પાંચ ટ્રસ્ટીબોર્ડના સભ્યોની રહેશે. જેમાંથી ૧૩ સભ્યોની ચૂંટણી દર બે વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં બહુમતીથી થશે. વાર્ષિક સામાન્ય સભા પછી વહેલામાં વહેલી તકે આ કાર્યવાહી સમિતિ પોતાની સભા બોલાવશે અને મંડળના નીચેના હોદ્દેદારોની કાર્યવાહી સમિતિમાંથી ચૂંટણી કરશે.

૧) પ્રમુખ ૨) તત્કાલીન પ્રમુખ ૩) ઉપ-પ્રમુખ ૪) મહામંત્રી ૫) બે સહ-મંત્રીઓ ૬) ખજાનચી ૭) સમાજ ઉત્કર્ષ પ્રકાશક ૮) સમાજ ઉત્કર્ષ તંત્રી ૯) બે સમાજ ઉત્કર્ષ સહતંત્રી (જરૂર પડે તો

બે માંથી એક સહતંત્રી કમીટીની બહારનો લઈ શકાશે)

કાર્યવાહી સમિતિ જરૂરિયાત મુજબ કોઈ પણ બે સભ્યોને કો-ઑપ્ટ લઈ શકશે.

કાર્યપ્રદેશ અને જવાબદારી ૧. પ્રમુખઃ તેઓ સામાન્ય સભા તથા કાર્યવાહી સમિતિની સભાઓના અધ્યક્ષ તરીકે રહેશે. વળી તેઓ મંડળની બધી પ્રવૃત્તિઓની સામાન્ય રીતે તપાસ રાખશે તેમજ દોરવણી આપશે અને મંડળના મુખ્ય અધિકારી તરીકે ગણાશે. તથા સમાજ ઉત્કર્ષના અધ્યક્ષ તરીકે પણ ફરજ બજાવવાની રહેશે. જો પ્રમુખ ટ્રસ્ટી ના હોય તો તે પ્રમુખ જે તે ટર્મ માટે કો-ઑપ્ટ ટ્રસ્ટી તરીકે પણ રહેશે.

૨. મે. ટ્રસ્ટીઃ તેઓ ટ્રસ્ટ બોર્ડની સભાના અધ્યક્ષ તરીકે રહેશે. સમાજ ઉત્કર્ષના પ્રકાશક તરીકે પણ ફરજ બજાવવાની રહેશે.

૩. ઉપ-પ્રમુખ મંડળના ઉદ્દેશો મુજબ મંડળની પ્રવૃત્તિઓ વ્યવસ્થાપૂર્વક ચાલે તેની ખાસ દેખરેખ રાખશે. મંડળના સંચાલન મંડળના હોદ્દેદારોની સંચાલન સમિતિના અધ્યક્ષ ગણાશે અને પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખ તરીકેની બધી ફરજો અદા કરશે.

૪. મહામંત્રીઓ મંડળે નક્કી કરેલ પ્રવૃત્તિઓનું સંચાલન તથા વ્યવસ્થા મહામંત્રીએ કરવાની રહેશે. મંડળની પ્રવૃત્તિઓનો ચાલુ કારોબાર તેઓના હસ્તક રહેશે. મંડળની પ્રવૃત્તિઓના સંચાલન માટે તેઓ વ્યક્તિગત તથા સહમંત્રીઓ સાથે સંયુક્ત રીતે જવાબદાર ગણાશે.

૫. સહમંત્રીઓઃ મહામંત્રીને તેમની ફરજો બજાવવામાં મદદરૂપ થશે. મંડળની પ્રવૃત્તિના સંચાલન માટે તેઓ વ્યક્તિગત તથા મહામંત્રી સાથે સંયુક્ત રીતે જવાબદાર ગણાશે.

૬. ખજાનચીઃ મંડળના વહીવટનો વિગતવાર નિયમિત હિસાબ ખજાનચીએ રાખવાનો રહેશે અને દર વર્ષે ઑડિટ કરાવી તેના કાર્યવાહી વ્યવસ્થિત નાનું રાખવાનું રહેશે. સમિતિથી વાર્ષિક સામાન્ય સભા આગળ બહાલી માટે રજુ કરશે. તેઓ રૂા. ૧૦૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર)થી વધુ રકમ એક સાથે રાખી શકશે નહીં.

૭. તંત્રીઓઃ યુવક મંડળના માસીક મુખપત્ર સમાજ-ઉત્કર્ષ અનુકુળ સ્થાને છપાવી અનુકુળ સાધનથી સમાજના દરેક ઘરે પહોચાડવાની જવાબદારી રહેશે તથા સમય ઉપર મુખપત્ર બહાર પાડવાની જવાબદારી રહેશે.

સભાઓ : (અ) વાર્ષિક સામાન્ય સભા મંડળના નવા વર્ષના આરંભથી છ માસની અંદર બોલાવવામાં આવશે.

૧) ઑડિટ કરાયેલો હિસાબ તપાસ કરવા.

૨) કાર્યવાહી સમિતિ તરફથી કરવામાં આવેલ ઓડિટ થયેલો હિસાબ વાર્ષિક અહેવાલ પસાર કરવા.

૩) કાર્યવાહી સમિતિની ચૂંટણી કરવા.

૪) ઑડિટરની નિમણુક કરવા.

૫) સામાન્ય પ્રાકરનું કંઇ બીજું જરૂરી કાર્ય પ્રમુખશ્રીની સંમતિથી કરવા.

(બ) ખાસ સામાન્ય સભા પ્રમુખ તથા મંત્રીઓ બોલાવશે તેમ જ ચાલુ સભાપદોની ઓછામાં ઓછી ૧/૪ ભાગના સભ્યોની સહી સાથેનું રેક્વિઝીશન મંડળને મલ્યેથી પ્રમુખ અથવા મંત્રી રેક્વિઝીશનમાં દર્શાવેલ કામ માટે ખાસ સામાન્ય સભા બોલાવશે.

(ક) કાર્યવાહી સમિતિની ખાસ સભા પ્રમુખ અથવા તો મંત્રી બોલાવી શકશે તેમજ કાર્યવાહી સમિતિના સભ્યોમાંથી ઓછામાં ઓછા ચાર સભ્યોની સહી સાથેનું રેક્વિઝીશન મંડળને મલ્યેથી પ્રમુખ અથવા મંત્રી રેક્વિઝીશનમાં દર્શાવેલ કાર્ય માટે કાર્યવાહી સમિતિની ખાસ સભા બોલાવશે.

સભ્ય માટે ખાસ ૧. સામાન્ય સભા તથા ખાસ સામાન્ય સભા માટે અનુક્રમે સાત દિવસની અને ત્રણ દિવસની નોટીસની જરૂર રહેશે.

૨. કાર્યવાહી સમિતિની ચાલુ સભા કે ખાસ માટે કાર્યસાધક હાજરી (કોરમ) પાંચની રહેશે.

૩. કાર્યસાધક હાજરી (કોરમ) ન હોય તો મંત્રીઓ કંઇ કાર્ય કર્યા સિવાય સભા મુલત્વી રાખશે.

૪. મુલત્વી રહેલી આવી સભાઓ ઓછામાં ઓછી વીસ મિનિટ પછી ક્યારેય પણ કાર્યસાધક હાજરી (કોલમ) વિના મળી શકશે. જેમાં મુલત્વી રાખવામાં આવેલી સભાના કાર્યક્રમમાં (એજન્ડામાં) જણાવેલ કાર્ય ઉપરાંત કાર્ય કરી શકશે નહીં.

સભાનું કામકાજઃ બધી સભાઓમાં સામાન્ય રીતે પ્રમુખ અધ્યક્ષસ્થાન લેશે. પ્રમુખશ્રીની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખ તે સ્થાન લેશે. સભાના કાર્યની શરૂઆતમાં ગત સભાની મિનિટસ વાંચવામાં આવશે તથા મંજૂર કરવામાં આવશે. કાર્યક્રમ (એજન્ડા)માં લખવામાં આવેલ ક્રમાનુસાર કાર્ય હાથ ધરવામાં આવશે. આ ક્રમમાં ફેરફાર પ્રમુખની મંજૂરી લઈને કરી શકાશે. સભાના બધા નિર્ણયો ઠરાવ રૂપમાં રજૂ કરવામાં આવશે અને તે ઉપર મત લેવામાં આવશે અને બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવશે. હાજર રહેલા દરેક સભ્યોએ એક મત આપવાનો રહેશે. પ્રમુખને તેમના આ સામાન્ય મત ઉપરાંત બીજો એક કાસ્ટીંગ વૉટ (મત) આપવાનો અધિકાર રહેશે.

ચૂંટણી બાબતઃ ૧. ચૂંટણી કમિશનર તરીકે યુવક મંડળના માજી. પ્રમુખ અથવા તો માનનીય પેટ્રન સભ્યોમાંથી કોઈપણ વ્યક્તિ નીમવાના રહેશે.

૨. ટ્રસ્ટી માટેની ઉમેદવારી નોંધાવા માટે સભ્યની ઉંમર ૩૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીની રહેશે.

૩. કારોબારી સમિતિની ઉમેદવારી નોંધાવવા માટે સભ્યની ઉંમર ૨૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીની રહેશે.

૪. કોઈ પણ ઉમેદવાર ટ્રસ્ટી અને કારોબારી સમિતી એમ બન્ને ઉમેદવારી પત્રક ભરી શકશે નહીં. કોઈપણ એક જ ઉમેદવારી પત્રક ભરી શકશે. જો બન્ને જગ્યાએ ઉમેદવારીપત્રક ભર્યું હશે તો તેમનું કોઈપણ એક ફોર્મ રદ કરવાની સંપૂર્ણ સતા ચૂટણી કમીશનર તથા તેમની સમિતીને રહેશે.

૫. ટ્રસ્ટ બોર્ડની ઉમેદવારી નોંધાવવા માટે રૂા. ૨૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો) અને કારોબારી સમિતીની ઉમેદવારી નોંધાવવા માટે રૂા. ૧૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર) ડીપોઝીટ તરીકે ભરવાના રહેશે. ઉમેદવાર જો ફોર્મ પરત ખેચવાના સમય સુધીમાં ઉમેદવારી પત્રક પરત ખેચશે અથવા તો ચૂટણી લડશે તો તેમને તેમની ડીપોઝીટ પરત કરી દેવામાં આવશે. પરંતુ જો ઉમેદવારી પત્રક ખેચવાના સમય પછી ઉમેદવારી પત્રક પાછુ ખેચશે તો તેમની ડીપોઝીટ જપ્ત થઈ જશે અને તેને યુવક મંડળને ભેટ ખાતે લઈ જવામાં આવશે. અને ઉમેદવારી પત્રક ખેચવાના સમય પછી ઉમેદવારી પત્રક પરત ખેચે તો સાથે સાથે તેઓ ૪ વર્ષ સુધી યુવક મંડળ ટ્રસ્ટબોર્ડ કે કારોબારી સમિતી માટે ઉમેદવારી નોંધાવી નહી શકે.

૬. ઉમેદવારી નોંધાવવા માટે યુવક મંડળના માનદ્ પેટ્રન અથવા તો માનનીય પેટ્રનમાંથી કોઈપણ ૨ જણની ભલામણની સહી જોશે.

૭. ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવ્યા પછી ઉમેદવાર જનલર મિટિંગમાં હાજર ન રહી શકે અને ઉમેદવારે જો મિટિંગમાં આવવાની અશક્તિ દર્શાવી હોય અને પોતાની ઉમેદવારી કાયમ રહે તેમ ચૂંટણી ચાલુ થવા અગાઉ જણાવી મોકલ્યું હોય તો તેવા સંજોગો સિવાય ગેરહાજર ઉમેદવારનું નામ આપોઆપ પાછું ખેંચાઈ ગયેલ સમજવું. અને તે ઉમેદવારની ડીપોઝીટ જપ્ત થઈ જશે તથા પછી ૪ વર્ષ સુધી યુવક મંડળની કોઈપણ ચૂંટણી લડી શકશે નહીં.

૮. કાર્યવાહી સમિતિના કોઈ પણ સભ્યનું રાજીનામું આવે તો તે કારોબારીમાં યોગ્ય વિચારણા

કર્યા પછી કુલ સભ્યોની બે તૃતિયાંશ (૨/૩) બહુમતીથી કાર્યવાહી સમિતિને સ્વીકારવા સત્તા આપવામાં આવે છે. અને ખાલી પડેલ જગ્યા માટે કાર્યવાહી સમિતિ કો-ઓપ્ટ સભ્ય તરીકે રહી શકશે. બીજા સામાન્ય વાર્ષિક સભામાં આ સભ્યની ચૂંટણી ન થાય ત્યાં સુધી આ કો-ઑપ્ટ સભ્ય તરીકે રહી શકશે. જે માટેની જવાબદારી પ્રમુખ અને મે. ટ્રસ્ટીની રહેશે.

૯. સંજોગોવસાત જો ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતી ના પૂરતા ઉમેદવારી પત્રક ના આવે તો ચાલુ ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતીને આગલા ૬ માસ માટે ચૂંટાયેલા જાહેર કરવાની સતા ચૂંટણી કમીશનર તથા તેમની સમિતીને રહેશે અને આવેલ ઉમેદવારો ને એમની ડીપોઝીટ પરત આપી દેવી અને તેઓ પાછા જ્યારે ચૂટણી થાય ત્યારે ઉમેદવારી પત્રક નોંધાવી શકશે.

લવાદ : આ બંધારણની કલમો કોઇ વિવાદસ્પદ સવાલ ઉભો થાય અગર કોઇ કાર્ય મંડળના હિતમાં બંધારણ મર્યાદા ઓળંગીને થયેલ હોય અથવા મંડળ કામકાજ કરતુ બંધ થઈ જાય તો તે અંગેના ચુકાદા માટે યુવક મંડળના માજી ૫ પ્રમુખો, શ્રી મચ્છુકાંઠા વિશાશ્રી માળી જૈન સમાજના પ્રમુખ અને ચેરમેનને લવાદ તરીકે નીમવામાં આવશે અને તેમના નિર્ણય માન્ય રખાશે અને આ લવાદ સમિતી એ વધુમાં વધુ ૬ માસની અંદર નવા ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતીની ચૂટણી કરાવવાની જવાબદારી રહેશે.

વિસર્જન : સંજોગોવશાત્ મંડળનું વિસર્જન કરવામાં આવે તો તે વખતની બધી સ્થાવર, જંગમ મિલકત, ચીજ વસ્તુઓ, સાધન-સામગ્રી વગેરે શ્રી મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈને સુપ્રત કરવી.

નોંધઃ ૧. યુવક મંડળની કારોબારી સમિતી અને ટ્રસ્ટબોર્ડની એક જનરલથી બીજી જનરલ મિટીંગ સુધીમાં ઓછામાં ઓછી ૫૦ ટકા હાજરી હોવી જરૂરી છે અને જો ૫૦ ટકા હાજરી નહી હોય તો જનરલ મીટીંગમાં તેમનું ટ્રસ્ટ બોર્ડ અથવા કારોબારી સમિતીમાં જેમા પણ હશે તેમાથી તેમને નિલંબીત કરી બીજા કોઇ પણ સભ્યને લેવામાં આવશે અને તે સભ્ય પછી ૪ વર્ષ સુધી યુવક મંડળની કોઈપણ ચૂંટણી લડી શકશે નહીં.

૨. યુવક મંડળના ચૂંટાયેલા ટ્રસ્ટબોર્ડ અથવા તો ચૂંટાયેલ કારોબારી સમિતીનો સભ્ય જો શ્રી મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન સમાજના ટ્રસ્ટબોર્ડ અથવા કારોબારી સમિતીમાં હશે તો તે સભ્ય શ્રી મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈના કોઈ પણ હોદ્દા ઉપર રહી શકશે નહીં.